# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ અષાઢ પૂર્ણિમા ❖ ૨૯ જુલાઈ, ૨૦૦૭ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૪ ❖ સળંગ અંક - ૮૮

## ધમ્મવાણી

करणीयमत्थकुसलेन, यन्त सन्तं पदं अभिसमेच्च ।
सक्को उजू च सुहुजू च, सुवचो चस्स मुदु अनतिमानी ॥
(करणीयमेत्तसुत्तं)

જેને પોતાનું કલ્યાણ કરવું છે અને પરમપદ નિર્વાણ પ્રાપ્ત કરવું છે, તે સમજદાર વ્યક્તિ માટે આવશ્યક છે કે તે સુયોગ્ય બને, સરળ બને, અતિ સરળ બને, સુભાષી બને, મૃદુ સ્વભાવ બને અને નિરભિમાની બને.

## બુદ્ધ અને ધર્મ (૭)

**(ગતાંકથી ચાલુ)**

સંસારમાં કોઈ વ્યક્તિ બુદ્ધ બને કે ન બને આ નિયમ તો અકબંધ રહે જ છે. इमस्मिं सति इदं होति, इमस्मिं असति इदं न होति । આ કારણના હોવાથી આ પરિણામ હશે જ, આ કારણના ન હોવાથી આ પરિણામ નહીં હોય.

માનસ પર તૃષ્ણાજન્ય વિકાર હશે તો દુઃખ હશે જ, આ વિકાર ન રહે તો દુઃખ પોતાની મેળે દૂર થઈ જશે.

કોઈ બુદ્ધ આ નિયમોને બનાવતો નથી (ઘડતો નથી). કોઈ બુદ્ધ એમાં પરિવર્તન કરતો નથી. કરી પણ નથી શકતો. બુદ્ધ થયો એટલે પ્રકૃતિના આ સનાતન નિયમોને પ્રત્યક્ષ અનુભૂતિ દ્વારા જાણી ગયો અને જાણીને સ્વયં વિકાર- વિમુક્ત થઈ ગયો. આવી વ્યક્તિ કોઈ પણ હોય, એ જ શીખવશે કે શીલ, સમાધિ, પ્રજ્ઞા દ્વારા દુઃખ સમુદયના કારણો રાગ-દ્વેષ આદિને નષ્ટ કરી દો અને દુઃખ વિમુક્તિની અવસ્થાનો સાક્ષાત્કાર કરી લો.

આના સિવાય બીજું તો શું શીખવશે ભલા? ધર્મ તો સનાતન એક જ છે કે જે સર્વજનીન છે. કોઈ પણ બુદ્ધ આ ધર્મને શીખવે છે એ કોઈ સાંપ્રદાયિક કે દાર્શનિક ગૂંચવણમાં લોકોને નથી ગૂંચવતો.

બુદ્ધ થયો તો ભગવાન થયો એટલે કે રાગ-દ્વેષ અને મોહને ક્ષય કરીને વિમુક્ત થયો. આવો ભગવાન જે ધર્મ શીખવે છે તે સર્વજનીન હોય છે અને એના આ સનાતન ગુણ હોય છે.

- स्वाक्खातो – ધર્મ સુઆખ્યાત હોય છે. સારી રીતે સમજાવાય છે એમાં ઉકેલવા માટેના કોઈ ઉખાણાં નથી હોતાં. રહસ્યવાદિતાની કોઈ ગૂંચ નથી હોતી.
- संदिट्ठिको – ધર્મ સદા સાંદષ્ટિક હોય છે એમાં મિથ્યા કલ્પનાને કોઈ સ્થાન નથી હોતું. દરેક ડગલું સાંદષ્ટિક એટલે કે પ્રત્યક્ષ અનુભૂતિ પર ઊતરનારા સત્યના સહારે જ સાધક આગળ વધે છે.
- अकालिको – આમ સત્યના સહારે આગળ વધતાં એને તત્કાળ ફળ મળે છે.
- एहिपस्सिको – એવો સર્વજનીન ધર્મ જે લોકોને સ્વયં સચ્ચાઈ જોવાને માટે આહ્વાન કરે છે, આમંત્રિત કરે છે.
- ओपनेय्यिको – જે ડગલે ડગલે પૂર્ણ મુક્ત અવસ્થા સુધી લઈ જનારો હોય છે.
- पच्चत्तं वेदितब्बो विञ्ञूहि – જેનો પ્રત્યેક સમજદાર માણસે સ્વયં અનુભવ કરવો જોઈએ. કેવળ બુદ્ધિ કે શ્રદ્ધાના સ્તર પર માની લેવા માત્રથી કાંઈ થતું નથી.

બસ, શુદ્ધ ધર્મની આ જ સર્વજનીન વ્યાખ્યા છે. 'ધર્મ' શબ્દની સાથે કોઈ સંપ્રદાયવાચક અથવા જાતિવાચક- અથવા દાર્શનિક માન્યતા વાચક પૂંછડું નથી લાગતું. જો કોઈ વિશેષણ લાગે પણ છે, તો સર્વજનીન જ જેમ કે : एसधम्मो सनन्तनो – આવો છે આ સનાતન ધર્મ. अरियो अट्ठङ्गिको मग्गो આર્યધર્મ એટલે કે એવો ધર્મમાર્ગ જેના પર ચાલીને કોઈ પણ વ્યક્તિ આર્ય બની શકે, નિર્મલચિત્ત બની શકે, સંત બની શકે. અને આ માર્ગનાં જે આઠ અંગ છે તે પણ એકદમ સર્વજનીન જ. ક્યાંય સાંપ્રદાયિકતાનું નામોનિશાન નહીં. વાણી શરીર અને આજીવિકાના કર્મ સમ્યક્ હોય, આ શીલ છે. પ્રયત્ન, સજગતા અને સમાધિ સમ્યક્ હોય, આ જ સમાધિ છે. ચિંતન અને દર્શન સમ્યક્ હોય એ જ પ્રજ્ઞા છે.

સમ્યક્ હોય એટલે કે સાચાં હોય, સત્ય પર આધારિત હોય, પ્રત્યક્ષ અનુભૂતિ પર આધારિત હોય, એમાં સંપ્રદાયની કોઈ વાત નહીં. સર્વજનીન છે. સહુ સહેલાઈથી પાલન કરી શકે છે. જાતિ, વર્ણ, સંપ્રદાય, અથવા દેશકાળની ક્યાંય કોઈ દીવાલો નહીં.

ધર્મના માર્ગ પર કલ્પના વિના, સત્યના સહારે ચાલવાનું હોય છે, એટલે એને સત્ધર્મ (સદ્ધર્મ) કહે છે.

ધર્મના માર્ગ પર જે જે ચાલે તે પોતાના મનના મેલ ઉતારીને શુદ્ધ થઈ જાય છે એટલે એને શુદ્ધ ધર્મ કહે છે. વિશુદ્ધિ - ધર્મ કહે છે. વિશુદ્ધિ માર્ગ કહે છે.

ધર્મના માર્ગ પર જે ચાલે તે રાગ, દ્વેષ આદિ વિકારોથી વિમુક્ત થઈ જાય છે. બધાં દુઃખોથી મુક્ત થઈ જાય છે. અતઃ આને વિમુક્તિ ધર્મ કહે છે. વિમુક્તિ માર્ગ કહે છે. દુઃખનિરોધિની પ્રતિપદા કહે છે.

ધર્મના માર્ગ પર જે ચાલે તે આર્ય બની જાય છે એટલે કે દુર્જનમાંથી સજ્જન, સંત બની જાય છે એટલે આને આર્યમાર્ગ કહે છે, આર્ય ધર્મ કહે છે.

ધર્મના માર્ગ પર જે ચાલે એનું ચિત્ત સ્વચ્છ થઈ જાય છે. કાલિમા દૂર થઈ જાય છે, એટલે આને શુકલ ધર્મ કહે છે.

ધર્મના માર્ગ પર જે ચાલે તે નિર્વાણની અગ્ર અવસ્થા સહજ પ્રાપ્ત કરી લે છે. આ અર્થમાં એને અગ્રધર્મ કહે છે.

બસ ધર્મને માટે આવાં જ વિશેષણ પ્રયોજાય છે અને પ્રયોજાવાં જોઈએ. કોઈ સંપ્રદાયવાચક, જાતિવાચક વિશેષણ પ્રયોજાતાં નથી, પ્રયોજાવાં જોઈએ નહીં.

આ પ્રકારે રાગ-દ્વેષ ભગ્ન કરીને ભગવાન બનેલા બુદ્ધની ધર્મદેશના (ઉપદેશ) શ્રવણ કરીને જે લોકો ધર્મ ધારણ કરે છે, ધર્મમાં પરિપુષ્ટ થાય છે, મુક્તિની પહેલી સ્રોતાપન્ન અવસ્થા પ્રાપ્ત કરે છે અથવા એનાથી આગળ સગદાગામી, અનાગામી અથવા અંતિમ અર્હંત અવસ્થા પ્રાપ્ત કરે છે તે ભગવાનના શ્રાવક સંઘ કહેવાય છે. ભલે તે ભિક્ષુ હોય કે ભિક્ષુણીઓ, ગૃહસ્થ ઉપાસક હોય કે ઉપાસિકાઓ. જે લોકો આ ચારે ય આર્ય અવસ્થાઓમાંથી પહેલી અવસ્થાને પણ ન પામી શક્યા હોય પણ એને

નહીં. રડવાથી કોઈ સમસ્યા હલ થતી નથી. જેટલો સમય તમે રડો છો, તેટલો સમય તમે રડવાના બીજ વાવો છો. કુદરત એ જોવાની નથી કે શા માટે તમે રડો છો, કુદરત તો એ જ જુએ છે કે તમે બીજ કેવા વાવ્યા ? અને રડવાના બીજ તો રડવું જ લાવશે !

**પ્ર. ૫ પણ મૃતક માટે તો મને લાગણી છે ને ?**

**ઉત્તર :** તમે એ વ્યક્તિનુંપણ નુકશાન કરો છો. કારણ કે એ વ્યક્તિએ જ્યાં પણ પુનર્જન્મ લીધો હશે, જ્યાં પણ એ વ્યક્તિ હશે, ત્યાં તમે રડવાના જ તરંગો મોકલો છો. તેથી એ બિચારી વ્યક્તિ, ખૂબ જ વ્યથિત - વ્યથાના - દુઃખના તરંગો જ પામશે. તેને બદલે વિપશ્યના - શિબિરના દશમાં દિવસે મૈત્રીના, પ્યાર અને કરૂણાના તરંગો કેમ મોકલવા તે શીખવવામાં આવે છે. તમે જ્યાં પણ છો, તમારા મૈત્રીના તરંગો એ વ્યક્તિ સુધી પહોંચી જશે. એને સુખનો અનુભવ થશે. આમ, રડવાને બદલે, મૈત્રી આપીને તમે એ વ્યક્તિને મદદ કરવા લાગશો.

**પ્ર. ૬ શું આપણને ઈશ્વરની શક્તિની જરૂર નથી ?**

**ઉત્તર :** ઈશ્વરની શક્તિ એ ધર્મની શક્તિ છે. ધર્મ ઈશ્વર છે. સત્ય ઈશ્વર છે. જ્યારે તમે સત્ય સાથે છો, જ્યારે તમે ધર્મ સાથે છો, તમે ઈશ્વર સાથે છો. તમારા મનને નિર્મળ કરીને તમારી અંદર ઈશ્વરની શક્તિનો વિકાસ કરો.

**પ્ર. ૭ તમે નાસ્તિક છો ?**

**ઉત્તર :** (હસે છે) જો 'નાસ્તિક' નો અર્થ તમે એ કરતા હો કે જે ઈશ્વરમાં ન માને તે, તો ના, હું (નાસ્તિક) નથી. મારા માટે ઈશ્વર એ કોઈ કાલ્પનિક વ્યક્તિ નથી. મારે મન સત્ય ઈશ્વર છે. પરમ સત્ય પરમેશ્વર છે.

**પ્ર. ૮ આપે કહ્યું કે વિપશ્યના માણસને સાચા અર્થમાં સુખી બનાવે છે. પણ બીજાઓનાં કષ્ટો સામે હોય, ત્યારે સુખ-શાંતિમાં રહેવું એ શું નરી લાગણીહીનતા નથી ?**

**ઉત્તર :** બીજાંઓના દુઃખો પ્રત્યે લાગણીશીલ બનવાનો અર્થ એ થતો નથી કે તમારે પણ નિરાશ બની જવું. તેને બદલે તમારે સ્વસ્થ, સમતોલ બની રહેવું જોઈએ કે જેથી તેમની આપત્તિ દૂર કરવા કામ કરી શકો. જો તમે નિરાશ બની જશો, તો તમારી આસપાસ તમે દુઃખને વધારો છો. આમ, તમે બીજાંઓને પણ મદદ કરતા નથી, અને તમને પણ મદદ કરતા નથી. એટલા માટે જ મારા ગુરુદેવ સયાજી ઉ-બા ખિન હંમેશ કહેતા કે બીજાંઓના વિષમ મનને સમતામાં લાવવા, સમતોલ મનની જરૂર છે.

**પ્ર. ૯ વિપશ્યનાથી શું આપણે સંપૂર્ણ સુખ પ્રાપ્ત કરી શકીએ - શું સંપૂર્ણ પલટો-બદલાવ લાવી શકીએ ?**

**ઉત્તર :** એ ક્રમિક વિકાસની પ્રક્રિયા છે. જેવા તમે કામ(સાધના) કરવાનું શરૂ કરો છો, તમે જોશો કે તમે વધુને વધુ સુખનો અનુભવ કરતા જાઓ છો અને છેવટે તમે એ અવસ્થાએ પહોંચી જશો, જે પૂર્ણ સુખ છે. તેવી રીતે (સાધના કરતા) તમે વધુને વધુ બદલાતા જાઓ છે, અને તમે એ અવસ્થાએ પહોંચી જશો, જેમાં સંપૂર્ણપણે પરિવર્તન આવી જશે. એ ક્રમિક વિકાસ છે.

**પ્ર. ૧૦ કર્મથી (સંસ્કાર બનાવવાથી) કેમ બચીએ ?**

**ઉત્તર :** તમારા મનના માલિક બનો. વિપશ્યના તમને તમારા મનના માલિક કેમ બનવું તે શીખવે છે. નહિ તો, પ્રતિક્રિયા કરતા રહેવાની જે મનની જૂની આદત છે, તેને કારણે તમે તે જ કર્મ કરતા રહેશો, જે તમે કરવા ઈચ્છતા નથી. બુદ્ધિથી તો સમજો છો જ - ''મારે અમુક આ કર્મ કરવા જોઈએ નહીં'' - છતાં તે કરવાનું ચાલુ રાખો છો, કારણ કે તમારા મન પર તમે તમારું આધિપત્ય પ્રાપ્ત કર્યું નથી. વિપશ્યના તમને મન પર આધિપત્ય સ્થાપવામાં મદદ કરે છે.

## દોહા ધરમના

માતા - પિતા કી વન્દના, ગુરુજન કા સત્કાર ।
સમતા હોવે મિત્ર સે, પત્ની સે હો પ્યાર ॥

પરિજન કા પાલન કરે, કરે દાન ઉન્મુક્ત ।
સદા મુક્ત ઋણ સે રહે, પાવે સુખ ઉપયુક્ત ॥

સદ્‌ગૃહસ્થ કી સંપદા, જન હિતકારી હોય ।
કર દે દૂર વિપન્નતા, મંગલકારી હોય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગલકામનાઓ સાથે

## દોહા ધરમના

હિંસા, ચોરી, ઝૂઠ તજ, ગૃહપતિ ! તજ વ્યભિચાર ।
સાધ આંતરિક શાંતિ સુખ, કુશલ લોક વ્યવહાર ।

મિથ્યા યશ નિન્દા સુને, અવિચલ નિર્ભય હોય ।
ડિગે નહીં સત્પંથ સે, ગૃહપતિ સુખિયા હોય ॥

હાનિ લાભ નિન્દા સુયશ, સુખ દુખ માન અપમાન ।
ચિત કિંચિત વિચલિત ન હો, રહે ધર્મ કા જ્ઞાન ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગલકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨૯ જુલાઈ, ૨૦૦૭ — આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org